સત્યમેવ જયતે
ગુજરાત સરકાર
Government of Gujarat

भारत 2023 INDIA

સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર ૧૫, ગાંધીનગર

# સપ્તધારા

## વાર્ષિક અહેવાલ

## ૨૦૨૨-૨૩

# કે.સી.જી વિશે

વાઈબ્રન્ટ ગુજરાત દ્વારા લેવાયેલી અનેક પહેલો પૈકી, શિક્ષણ વિભાગ દ્વારા સ્થપાયેલ ગુજરાતનું નોલેજ ક્ન્સોર્ટીયમ, વર્તમાન સદીની થીમ  માટે એક મુખ્ય પ્રતિભાવ તરીકે આગવું  સ્થાન ધરાવે છે. જે ઝડપથી ભવિષ્યના પ્રવેશદ્વાર તરીકે દર્શાવવામાં આવી રહ્યું છે જ્યાં માનવ વિશ્વ પરિવાર આખરે જ્ઞાનના સુમેળભર્યા થ્રેડો દ્વારા સંબંધોનું નેટવર્ક બનાવવામાં આવશે. તેથી જ્ઞાન આજે ગતીશીલ શબ્દ બની ગયું છે અને વિકાસના મુખ્ય પ્રગતીશીલ પગલાઓ જ્ઞાન અને શિક્ષણ સમાજને આગળ વધારવાના સંદર્ભમાં માપવામાં આવે છે. ખરેખર, ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે ગુજરાતના નોલેજ કોન્સોર્ટીયમની રચના કરીને ભવિષ્ય પ્રત્યેની તેની પ્રતિબધ્ધતા છટાદાર રીતે દર્શાવી છે.

ઊભરતા વિશ્વ પરિદ્રશ્ય સમગ્ર વિશ્વમાં કેન્દ્રિત જ્ઞાન અને શ્રેષ્ઠતાના વિવિધ શિખરો દ્વારા ચિંહિત થયેલ હોવાથી, જ્ઞાન મંડળીઓ માટે વિશ્વની અન્ય જ્ઞાન સંસ્થાઓ સાથે નવીનતા, સહકાર અને સહયોગ કરવો  અનિવાર્ય છે. સહયોગ અને જ્ઞાનના 'સંઘ'ની રચના પર આધારીત આવો અભિગમ રાજ્યમાં જ્ઞાનના વિકાસની ગતિને પણ જબરદસ્ત રીતે વેગ આપશે.

# સપ્તધારા વિશે

સપ્તધારા એ નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાતનું એક ઈનીશીએટીવ છે. આ પ્રકલ્પનો હેતુ ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવાનો, સર્જનાત્મકતામાં વધારો કરવાનો, વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાનો અને વિદ્યાર્થીઓમાં રહેલ સુષુપ્ત કળા, કૌશલ્યનો વિકાસ થાય તથા યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટેનો છે.

સપ્તધારા પ્રકલ્પ અંતર્ગત નીચે દર્શાવેલી સાત ધારાઓનો સમાવેશ થાય છે.




*"સપ્તધારા ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક પ્લેટફોર્મ પૂરૂ પાડે છે જ્યાં તેઓ સર્જનાત્મકતાનો આનંદ અનુભવે છે."*

Government Science College • Gandhinagar •

GOVERNMENT SCIENCE COLLEGE
Sector – 15, Gandhinagar-382016
Principal
Dr. Mahendra G. Bhatt
Website:- www.gscgandhinagar.in
E-mail:gscgnr@gmail.com
Tel. (O) : 079-23222352 (M) : 94267 37221
NAAC Accredited– B+ (CGPA 2.69)

सत्यमेव जयते

Ref No. : Date :-

# સપ્તધારા હિસાબ

## વર્ષ : ૨૦૨૨-૨૩

| | | |
|---|---|---|
| 1 | **Name of the College** | **Government Science College, Sector 15, Gandhinagar** |
| 2 | **Address** | **Sector 15, G-Road, Gandhinagar, Gujarat India 382016,** |
| 3 | **Area (Rural/Urban)** | **Urban** |
| 4 | **Taluka of the College** | **Gandhinagar** |
| 5 | **District of the College** | **Gandhinagar** |
| 6 | **Official Email ID of College** | **gscgnr@gmail.com** |
| 7 | **Name of Principal** | **Dr. Mahendra G. Bhatt** |
| 8 | **Contact No. of Principal** | **9426737221** |
| 9 | **Email Address of Principal** | **Mahendra.statistics@gmail.com** |
| 10 | **Name of Saptadhara Co-ordinator** | **Dr Yogita M Parmar** |
| 11 | **Contact No. of Saptadhara Co-ordinator** | **9824944663** |
| 12 | **Email Address of Saptadhara Co-ordinator** | **Yogisworld315@gmail.com** |

Government Science College * Gandhinagar *

સપ્તધારા અંતર્ગત કરવામાં આવેલ એક્ટીવીટીની વિગત

| Sr | Name of Activity | Date of activity (DD/MM/YYYY) | Student Participation | | | Expenditure (in Rs.) |
|---|---|---|---|---|---|---|
| | | | Male | Female | Total | |
| 1 | Inter class Cricket competition | 13/02/23 to 18/02/23 | 0 | 128 | 128 | |
| 2 | Inter class yoga competition | 20/02/23 | 05 | 04 | 09 | |
| 3 | Inter class Badminton Competition | 14/02/23 to 15/02/23 | 35 | 20 | 55 | |
| 4 | Inter class Tug of war Competition | 16/02/23 | 0 | 40 | 40 | |
| 5 | Inter Class Volleyball Competition | 20/02/23 to 21/02/23 | 96 | 0 | 96 | |
| 6 | Inter Class Chess Competition | 16/02/23 | 25 | 03 | 28 | |
| 7 | Mono acting | 08/08/22 | 2 | 2 | 4 | |
| 8 | Mimicry | 08/08/22 | 1 | 0 | 1 | |
| 9 | Group discussion | 28/09/22 | 4 | 5 | 9 | |
| 10 | Gujarat University Inter college Youth Festival | 23/09/22 to 24/09/22 | 8 | 4 | 4 | 2500 |
| 11 | Drawing competition "Har Ghar Tiranga" | 16/08/22 | 9 | 9 | 18 | |
| 12 | Rakhi Making Competition | 06/08/22 | 0 | 15 | 15 | |
| 13 | Mahendi Competition | 21/02/2023 | 0 | 8 | 8 | |
| 14 | Voter Awareness Drawing competition | 11/10/22 | 1 | 6 | 7 | |
| 15 | Teacher's day celebration | 05/09/22 | 23 | 22 | 45 | |
| 16 | Letter writing competition | 28/07/22 | 6 | 6 | 12 | |
| 17 | Essay writing competition under the banner "Azadi ka Amrut Mahotsav" | 08/08/22 | 8 | 1 | 10 | |
| 18 | Essay Writing Competition on climate change youth outreach programme | 29/09/2022 | 1 | 4 | 5 | |
| 19 | Essay Writing Competition | 07/02/23 | 3 | 8 | 11 | |
| 20 | Poetry Recitation Competition | 08/02/23 | 1 | 3 | 4 | |
| 21 | Story writing competition | 09/02/23 | 0 | 3 | 3 | |
| 22 | Memoir Writing Competition | 10/02/23 | 1 | 3 | 4 | |
| 23 | Invited lecture in association with Nehru Yuva Kendra | 23/02/23 | 120 | 70 | 127 | 550 |
| 24 | Siksha Sangam 2022 registration Fees | 11/09/2022 to 14/09/2022 | 02 | 0 | 02 | 2400 |

Government Science College * Gandhinagar *

સપ્તધારા અંતર્ગત કરવામાંઆવેલ ખરીદીની વિગત

| Sr | Name ofItem/Instrument | Description of Item/Instrument | Deadstock Number | Expenditure Amount (in Rs.) | Purchasing Mathod |
|---|---|---|---|---|---|
| 1 | NIVIA IHF 3, men's handball | NIVIA IHF 3, 58 to 60 cm for men's handball, 425 to 475 gram synthetic material handball 6Pcs | 57 | 3989.70 | GEM |
| 2 | NIVIA IHF 1,Female youth and male youth handball | Nivia IHF 1, 50 to 52 cm for female youth and male youth handball,290-330 gram synthetic material handball 4 pcs | 58 | 2415.80 | GEM |
| 3 | HUSKY yellow synthetic leather Volleyballs | HUSKY yellow synthetic leather Volleyballs-08pcs | 56 | 6000.00 | GEM |
| 4 | Table Tennis Kit | STAG table tennis racket 100-105-04 pcs | 59 | 2520.00 | GEM |
| 5 | Notice board | Notice pinup board with Acrylic shutter size 4*4 | | 11800.00 | GEM |
| 6 | Rug (શેત્રંજી) | Rug (શેત્રંજી) | | 9292.00 | OPEN MARKET |
| 7 | Notice board | Notice board size 1200*1500 MM(4*5)FT Frame (ECO ASTEL) Colour(BLUE) with GI backing | | 23994.00 | GEM |
| 8 | Certificates | A4 size, 300 GSM Paper, Digital color printing with design | | 4072.00 | OPEN MARKET |
| 9 | Green Scarf and badge | Green Scarf and badge | | 3150.00 | OPEN MARKET |
| 10 | Flax Banner | Flax banner | | 250 | OPEN MARKET |

Round Seal of College

GOVT. SCIENCE COLLEGE GANDHINAGAR

Name of Principal:
Sign & Stamp of Principal:

Principal
Government Science College,
Gandhinagar

Financial

| Total Grant Received (in Rs.) | Total Actual Expenditure (in Rs.) | Amount Return to KCG (in Rs.) |
|---|---|---|
| 100000.00 | 72933.5 | 27067.5 |

Round Seal of College

GOVT. SCIENCE COLLEGE GANDHINAGAR

Name of Principal:
Sign & Stamp of Principal:

Principal
Government Science College
Sector-15, Gandhinagar.

## Saptadhara Team of Government Science College, Gandhinagar Academic Year 2022-23

- Dr M. G. Bhatt, Principal
- Dr Yogita M Parmar, Chairman
- Dr Pragna P. Prajapati , Co-Chairman
- Dr Kashmira P Tank, Gyandhara
- Dr K. B. Zankat, Yog Vyayam Khelkud dhara
- Dr J. S. Rajora, Sarjnatmak Abhivyakti dhara
- Dr Pragna P. Prajapati , Rang Kala Kaushalya Dhara
- Dr Umesh P. Tarapada,
  Dr Manish D. Visavadia, Samudayik Sevadhara
- Dr Rajesh N. Maru,
  Dr Rohit Patel, Geet Sangeet Nrutya dhara
- Dr R. N. Chudasama, Natya dhara

Government Science College • Gandhinagar •

# રંગ કલા કૌશલ્ય ધારાનો અહેવાલ

**ઇવેન્ટ : રાખી મેકિંગ સ્પર્ધા** **તારીખ: ૦૬/૦૮/૨૦૨૨**

## અહેવાલ

અત્રેની સરકારી વિજ્ઞાન કોલેજ માં સંસ્થાના આચાર્ય શ્રી ડૉ. એમ. જી. ભટ્ટ સર ના માર્ગદર્શનથી રક્ષાબંધનના પવિત્ર તહેવાર ની ઉજવણીના ભાગ રૂપે સંસ્થાની વિદ્યાર્થિની બહેનોએ રાખડીઓ જાતે બનાવી હતી. આ રાખી બનાવવા માટે બહેનોએ ઉનઅને રેશમ ના દોરા, રંગીન પૂંઠા , આભલા, મોતી વગેરે જેવી ડેકોરેટીવ વસ્તુઓનો ઉપયોગ કર્યો હતો. રાખડીઓ બનાવી વિદ્યાર્થિનીઓએ તેમની સાથે અભ્યાસ કરતાં વિદ્યાર્થી ભાઈઓને રાખી બાંધી ભાઈ બહેન ના આ નિસ્વાર્થ પ્રેમનો તહેવાર ઉજવ્યો હતો. વિજેતા વિદ્યાર્થિનીઓને સપ્તધારા ના ચેરમેન ડો. યોગીતા પરમાર અને તેમની ટીમે અભિનંદન પાઠવ્યા હતા .

| ક્રમ નં | નામ | રોલ નં | સેમેસ્ટર | વિજેતાના નામ |
|---|---|---|---|---|
| ૧ | દેસાઈ રોશની જે | ૩૭ | ૫ | પ્રથમ |
| ૨ | આરતી નિલેષભાઈ રાવલ | ૩૧૧ | ૫ | પ્રથમ |
| ૩ | નિરાલીકુમારી જગતસિંહ ચૌહાણ | ૨૫૪ | ૫ | દ્વિતીય |
| ૪ | પંક્તીબેન ભાનુભાઈ પ્રજાપતિ | ૨૬૭ | ૫ | તૃતીય |

Government Science College * Gandhinagar

ફોટોગ્રાફસ:





Government Science College Gandhinagar

# Government Science College,Gandhinagar
## Rang Kala Kaushlya Dhara
## Event : Rakhi making
## Date : 06/08/2022



ઈવેન્ટ : ચિત્ર સ્પર્ધા તારીખ : ૧૬/૦૮/૨૦૨૨

## અહેવાલ

સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર ૧૫, ગાંધીનગર ખાતે આપણાં દેશનીઆઝાદીના 75 વર્ષ પૂર્ણ થતાં "આઝાદીકા અમૃત મહોત્સવ" ની ઉજવણી અંતર્ગત ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી "હર ઘર તિરંગા" કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગ રૂપેરંગ કલા કૌશલ્ય ધારા હેઠળ ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો વિષય ચાર્ટ પેપર પર રાષ્ટ્રધ્વજ બનાવવો અથવા રાષ્ટ્રધ્વજના ઈતિહાસ દર્શાવતુ ચિત્ર બનાવવાનો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજ ના વિવિધ ચિત્રો સાથે સ્લોગન લખીને ઉત્સાહપૂર્વક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન કોલેજના એન એસ એસ એકમ અને સપ્તધારા ના સંકલનથી કરવામાં આવ્યું હતું. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડો એમ જી ભટ્ટ અને ડો. ડી એ ઓડેદરાના માર્ગદર્શન હેઠળ, કોલેજના એન એસ એસ એકમના કોર્ડીનેટરશ્રી ડો ઉમેશ તરપદા તથા સપ્તધારા ચેરમેન ડો. યોગીતા પરમાર અને રંગ કલા કૌશલ્ય ધારાના અધ્યક્ષ ડો. પ્રજ્ઞાબેન પ્રજાપતિ દ્વારા કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા હતા .

| Sr. | Name | Roll No. | Sem | Winner Rank |
|---|---|---|---|---|
| ૧ | નિધી જીતેન્દ્રકુમાર કાપડીયા | ૧૮૫ | ૫ | પ્રથમ |
| ૨ | ખુશી વિજયકુમાર પ્રજાપતિ | ૨૬૬ | ૫ | પ્રથમ |
| 3 | રોશની દેસાઈ | ૩૭ | ૫ | દ્વીતીય |
| ૪ | યશ અખિલભાઈ મોરડીયા | ૨૬૨ | ૫ | તૃતીય |

Government Science College * Gandhinagar *

Government Science College,Gandhinagar
Rang kala Kaushlya Dhara
Event : Drawing Competition
Theme : "Har Ghar Tiranga "
Date : 16/08/2022















Government Science College,Gandhinagar
Rang kala Kaushlya Dhara
Event : Drawing Competition
Theme : "Har Ghar Tiranga "
Date : 16/08/2022




Government Science College
Gandhinagar

## પ્રેસ કવરેજ

# સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે 'હર ઘર તિરંગા' અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઈ




સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે આપણાં દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થતાં 'આઝાદી કા અમૃત મહોત્સવ'ની ઉજવણી અંતર્ગત ૧૫ ઓગષ્ટ ૨૦૨૨ સુધી 'હર ઘર તિરંગા' કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગરૂપે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય ચાર્ટ પેપર પર રાષ્ટ્રધ્વજ બનાવવો અથવા રાષ્ટ્રધ્વજના ઈતિહાસ દર્શાવતુ ચિત્ર બનાવવાનો હતો.

Government Science College Gandhinagar

**થીમ : મતદાન જાગૃતિ અભિયાન** **તારીખ:૧૧/૧૦/૨૦૨૨**
**ઇવેન્ટ : ડ્રોઈંગ સ્પર્ધા**

## અહેવાલ

વિધાન સભાની આગામી ચૂંટણી માં સામાન્ય લોકો મતદાન પરત્વે જાગૃત થાય તે હેતુ સર આચાર્ય શ્રી ડૉ . એમ. જી. ભટ્ટ સર ની સૂચનાથી સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર ૧૫, ગાંધીનગર માં બી એસ. સી સેમેસ્ટર ૧ ના વિદ્યાર્થીઓએ મતદાર જાગૃતિ અભિયાન હેઠળ વિવિધ પ્રકારના સ્લોગન સાથે ડ્રોઈંગ તૈયાર કર્યા હતા .

આ ડ્રોઇંગ સ્પર્ધા માટેના વિષયો આ પ્રમાણે હતા.

૧. મારા મતનું મૂલ્ય (My Vote matters)

૨. કોઈ મતદાર છૂટે નહીં (No voter to be left behind)

3. ચૂંટણી એ લોકશાહીનું અવસર (Election an Event of Democracy)

આ સમગ્ર કાર્યક્રમ રંગ કલા કૌશલ્ય ધારા હેઠળ વણી લેવામાં આવેલ હતો.

### વિજેતાના નામ

1. JAISWAL AAKASH RAJESH 336 I First Position
2. JOSHI KHUSHI KAMLESHBHAI 339 I Second Position
3. PATEL MIRAL B. 164 I Participant
4. JAISWAL JEEL JIGNESHKUMAR 337 I Participant
5. PATEL DIVYA KIRANBHAI 362 I Participant
6. PATEL MAHI R. 170 I Participant
7. RABARI BINAL RAGHUBHAI 256 I Participant

Government Science College Gandhinagar


Government Science College, Gandhinagar
Rang kala Kaushlya Dhara
Event : Drawing Competition
Theme : Voter Awarness
Date : 11/10/2022
VOTE FOR BETTER INDIA
VOTE FOR A BETTER INDIA
VOTE

**ઇવેન્ટ : મહેંદી સ્પર્ધા** **તારીખ:૧૧/૧૦/૨૦૨૨**

## અહેવાલ

સરકારી વિજ્ઞાન કોલેજમાં તા. 21-02-2023ના રોજ આચાર્યશ્રી ડૉ એમ. જી. ભટ્ટ સર ના માર્ગદર્શનથી સપ્તધારા પૈકીની રંગ કલા કૌશલ્ય ધારા અંતર્ગત મહેંદી સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં કોલેજની વિદ્યાર્થીની બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીઘેલ હતો. ભાગ લીઘેલ વિદ્યાર્થીની બહેનો દ્વારા ભૌમિતિક, કુદરતી, પ્રાસંગિક, બ્રાઈડલ મહેંદી તથા અન્ય સુંદર પેટર્ન ધરાવતી મહેંદી ડીઝાઇન સ્પર્ધામાં આકર્ષણ નું કેન્દ્ર બની હતી. જેમાં નિર્ણાયકો દ્વારા પ્રથમ ક્રમાંકે સ્મૃતિ નિર્મલ બી. દ્વિતીય ક્રમાંકે અને ખાલીફા આમેના એ. અને હેતવી એમ. પટેલ ને વિજેતા ઘોષિત કરેલા હતા. વિજેતા વિદ્યાર્થીની બહેનોને સપ્તધારા ચેરમેન ડૉ. યોગિતા પરમાર, રંગ કલા કૌશલ્ય ધારાના કોઓર્ડીનેટર ડૉ. પ્રજ્ઞા પ્રજાપતિ અને કોલેજ પરિવારે શુભેચ્છા પાઠવેલ હતા.

ફોટો ગ્રાફ આ સાથે સામેલ છે.








Government Science College
Gandhinagar

# નાટ્ય ધારાનો અહેવાલ

## ઈવેન્ટ નુ નામ: એકપાત્રીય અભિનય

1) તા ૦૮/૦૮/૨૦૨૨ ના રોજ દેશભક્તિ વિષય આધરિત નાટ્યધારા અંતર્ગત એક પાત્રીય અભિનય સ્પર્ધાનું આયોજન કરેલ. જેમા વિદ્યાર્થીઓ એ ભાગ લીધેલ અને .હું ભારત નો નાગરિક અને મારી દેશ પ્રત્યે ફરજો વિષય પર એક પાત્રીય અભિનય કરેલ શ્રેષ્ઠ અભિનય કરનાર બે વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરેલ.

   વિજેતા વિદ્યાર્થીઓના નામ

   Nirmal Smruti

   Rathava Shrusti

2) ક્લાયમેંટ ચેંજ ડીપાર્ટ્મેન્ટ દ્વારા ઓઝોન ડે ની ઉજવણીના ભાગ રૂપે ગ્રુપ ચર્ચાનુ આયોજન કરવામા આવેલ. આથી તા. 28/09/22ના રોજ નાટ્યધારા અંતર્ગત ગ્રુપ ચર્ચાની પ્રવુતિ કરાવવામા આવેલ વિદ્યાર્થીઓને નીચે મુજબ પાંચ વિષય આપવામા આવ્યા હતા.

   1) Energy Storage
   2) Water recycling
   3) Battery operated vehicle
   4) Waste management
   5) Single use plastic

કુલ ૨૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ અને ૩ વિદ્યાર્થીઓની એક ટીમ એમ કુલ સાત ટીમની રચના કરવામા આવી હતી. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર વિવિધ વિષય પર તેમના મતંવ્ય રજૂ કરેલ. વિજેતા જાહરે કરેલ ટીમના વિદ્યાર્થીઓના નામ નીચે મુજબ છે. વિજેતા ટીમે વેસ્ટ મેનેજ્મેંટ વિષય પર પોતાના શ્રેષ્ઠ વિચારો અને સુચનો રજૂ કરેલ. નિર્ણાયક તરીકેની ફરજ ડો. જી. આર. પટેલ અને ડો. બી. કે. ત્રિવેદીએ નિભાવેલ.

| ક્રમ નં | વિજેતાના નામ |
|---|---|
| ૧ | મહેતા નિધી |
| ૨ | જોશી ધ્રુવિન |
| 3 | મયાત્રા શિવાની |

Government Science College, Gandhinagar



Government Science College Gandhinagar

# જ્ઞાન ધારાનો અહેવાલ

## સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે "ગુરૂ પુર્ણીમા" ની ઉજવણી

તારીખ ૧૩/૦૭/૨૦૨૨ ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે "ગુરૂ પુર્ણીમા" ની ઉજવણી કરવામાં આવેલ. આજ રોજ વિદ્યાર્થીઓએ આયોજન કરેલ કાર્યકમમાં તેમણે આચાર્ય તથા બધા ફેકલ્ટીનું સ્વાગત ભારતીય સંસ્કૃતિ પ્રમાણે તિલક કરીને તથા પુષ્પ આપીને કરેલ. કાર્યકમ દરમિયાન વિદ્યાર્થીઓએ તેમના ગુરૂ પ્રત્યે ના ભાવ લાગણી વ્યક્ત કરેલ. કાર્યકમનું સંપૂર્ણ સંચાલન ડો. યોગીતાબેન પરમારે કરેલ તથા કાર્યકમને સફળ કરવામાં જ્ઞાનધારાના કો-ઓર્ડ નેટર ડો. કાશ્મીરા પી. ટાંક તથા કોલેજના બધા સાથી અધ્યાપકોએ સહકાર આપેલ. કાર્યકમના અંતમાં આચાર્ય શ્રી. ડો. એમ. જી. ભટ્ટ સાહેબે બધાને આ પાવન દિવસની શુભેચ્છા આપેલ. કાર્યકમમાં કોલેજ ના બધા વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ.







Government Science College Gandhinagar

## "શિક્ષક દિન" ની ઉજવણી અહેવાલ

તારીખ ૦૫/૦૯/૨૦૨૨ ના રોજ સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે "શિક્ષક દિન"ની ઉજવણી કરવામાં આવેલ. આજના દિવસના બધા તાસનું બધું આયોજન તથા સંપૂર્ણ સંચાલન વિદ્યાર્થીઓએ કરેલ. નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓએ "એક દિન કા શિક્ષક" તરીકે કામગીરી બજાવેલ અને અલગ વિષયો ના તાસ લીધેલ. કોલેજ ના આશરે ૩૨ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે કામગીરી બજાવેલ. કોલેજના બધા વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ. કાર્યક્રમનું આયોજન સપ્તધારા ના કો-ઓર્ડીનેટર ડો. યોગીતાબેન એમ. પરમારે કરેલ તથા કાર્યક્રમ ને સફળ કરવામાં જ્ઞાનધારા ના કો-ઓર્ડીનેટર ડો. કાશ્મીરા પી. ટાંક તથા કોલેજના અધ્યાપક ડો. મીના મુલચંદાની, ડો. હિના પ્રજાપતિ, ડો. જયંતી રાજોરા, ડો. બિન્ની કાર્લીકર , ડો. અરેફા બાઆક્ઝા એ કામગીરી બજાવેલ. દિવસના અંતે બધા વિદ્યાર્થીઓએ તેમના અનુભવો કહેલ તથા આચાર્યા શ્રી ડો. એમ.જી. ભટ્ટ બધાનો ઉત્સાહ વધારેલ.

| વિધ્યાથીનું નામ | | |
|---|---|---|
| ચૌધરી જયેશ | નશીત ધ્રુવીલ | કુ. ભૂમિ પટેલ |
| ઠાકોર આરતીબેન | ઠાકોર શીતલબેન | કુ. નિધિ કાપડીયા |
| પેશ્વા દેવાંશી | ત્રિવેદી હર્ષવર્ધન | કુ. ક્રિષ્ના પ્રજાપતિ |
| ખુશ્બૂ દવે | ઉદય સોની | ચૌધરી ભરત |
| રીયા વદસરા | છાયા ચાવડા | પટેલ ઓમ |
| નિરાલી ચૌહાણ | કિંજલ પદ્સુમ્બીયા | સીતાપરા ગૌરવ |
| નવીન સુથાર | ધવલ પુનાડીયા | વસાણી રમેશ |
| વ્યાસ અમીષા | મકવાણા દેવ્ગના | શિવાની માયુતારા |
| યશ મોરવાડિયા | વાજા હિતેશ | આશા ચૌધરી |
| ચૌહાણ જતીન | બ્રહ્મભટ્ટ કોનીક્ષા | ચૌધરી નિશિત |
| જાડેજા જુવાનસિંહ | પટેલ કેયુર | |

Government Science College Gandhinagar












Government Science College
Gandhinagar

Press Note: Gandhinagar Samachar 09-09-2022

## સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે શિક્ષક દિવસની ઉજવણી



ગાંધીનગર, તા.૮

સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર ૧૫, ગાંધીનગર ખાતે શિક્ષક દિનની ઉજવણીકરવામાં આવી હતી. જેમાં આચાર્ય ડો. એમ જી.ભટ્ટના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ જ બધા તાસનુ આયોજન કરેલ અને બધા વિષયોના તાસ લીધેલ. આચાર્યથી લઈને કારકુનની ભૂમિકા પણ વિદ્યાર્થીઓ જાતે જ ભજવી હતી. કાર્યક્રમના અંતમા વિદ્યાર્થીઓ શિક્ષક બન્યાના પ્રતિભાવો લેવામા આવ્યા હતા. કોલેજના આચાર્ય દ્વારા સર્વે વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને શિક્ષક દિનની શુભેચ્છા પાઠવી કાર્યક્રમને પૂર્ણ જાહેર કર્યો હતો.

### ટપાલ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માટે "Vision for India 2047" વિષય પર પત્ર લેખન સ્પર્ધા

ટપાલ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૨-૨૩ માટે "Vision for India 2047" વિષય પર પત્ર લેખન સ્પર્ધા જાહેર કરેલ તથા આ સ્પર્ધાનું સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે તા. ૨૮-૦૭-૨૨ ના રોજ આયોજન કરેલ. આ સ્પર્ધામાં કોલેજ ના ૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. ભાગ લીધેલ વિદ્યાર્થીઓના નામ નીચે મુજબ છે.

Government Science College • Gandhinagar •

| Sr. No | Date of Event | Name of the participant | Language | Category |
|---|---|---|---|---|
| 1 | 28-07-22 | Nirmal Smruti Bharatkumar | Gujarati | Envelope |
| 2 | 28-07-22 | Mehta Nidhi Vipulbhai | English | Envelope |
| 3 | 28-07-22 | Patel rajvi jigneshkumar | Gujarati | Envelope |
| 4 | 28-07-22 | Patel Priya Dilipkumar | Gujarati | Envelope |
| 5 | 28-07-22 | Raiyani Priyank Chandubhai | English | Envelope |
| 6 | 28-07-22 | Jani pushkar jitendrabhai | Gujarati | Envelope |
| 7 | 28-07-22 | Parmar Urvesh Arvindbhai | Gujarati | Envelope |
| 8 | 28-07-22 | Rabari Varshaben Vastabhai | English | Inland Letter Card |
| 9 | 28-7-22 | Mayatra Shivani Kanjibhai | Gujarati | Envelope |
| 10 | 28-07-22 | Vasani rameshbhai harjibhai | English | Envelope |
| 11 | 28-07-22 | Joshi Dhruvin Kumar Vipulbhai | Gujarati | Envelope |
| 12 | 28-07-22 | Suthar Navinkumar | English | Envelope |









કાર્યક્રમનું આયોજન સપ્તધારા ના કો-ઓર્ડી નેટર ડો. યોગીતાબેન એમ. પરમારે માર્ગદર્શન કરેલ તથા કાર્યક્રમનું સંપૂર્ણ આયોજન જ્ઞાનધારા ના કો-ઓર્ડી નેટર ડો. કાશ્મીરા પી. ટાંકએ કરેલ . કોલેજ ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ તથા આચાર્યા શ્રી ડો. એમ.જી. ભટ્ટ બધાનો ઉત્સાહ વધારેલ.

**"આઝાદી કા અમૃત મહોત્સવ" અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન**

"આઝાદી કા અમૃત મહોત્સવ"ની ઉજવણી અંતર્ગત ૧૫ ઓગસ્ટ ૨૦૨૨ સુધી "હર ઘર તિરંગા" કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગ રૂપે સપ્તધારાની જ્ઞાનધારા તથા NSS દ્વારા સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે તા. ૦૮/૦૮/૨૦૨૨ ના રોજ બાયસેગ હોલમાં નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરેલ. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે ભૌતીકશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક ડો. ચેતન ચૌહાણએ કામગીરી બજાવેલ. નિબંધ સ્પર્ધામાં ૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ જેમાં નિબંધ લેખન સ્પર્ધામાં દ્વિતીય ક્રમે મહેતા નિધિ તથા તૃતીય ક્રમે આહીર જીગ્નેશ આવેલ. પ્રથમ ક્રમે જોશી ધ્રુવિન , કાર્યક્રમનું આયોજન સપ્તધારા ના કો-ઓર્ડી નેટર ડો. યોગીતાબેન એમ. પરમારે તથા NSS કો-ઓર્ડી નેટર ડો. યુ. પી. તરપદા એ કરેલ તથા કોલેજના પ્રધ્યાપકો એ સહકાર આપેલ.

# સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાનો અહેવાલ

શૈક્ષણિકવર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત નીચેની પ્રવૃત્તિયો યોજાયેલ હતી.

1. નિબંધલેખન સ્પર્ધા:Climat Change Youth Outreach કાર્યક્રમ હેઠળ ૨૯/૦૯/૨૦૨૨ના રોજ નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધલેખન સ્પર્ધાના વિષય નીચે દર્શાવેલ છે:

Roadmap for Energy Independence

Net Zero Goals

Gujarat's Climate friendly traditions

Renewable energy

Biodiversity

Natural Farming

ઈવેંટના વિજેતાઓ અને સક્રિયરૂપે ભાગ લીધેલ વિદ્યાર્થિયોની યાદી:

| ક્રમ | નામ | જાતિ | સેમેસ્ટર | સહભાગિતા |
|---|---|---|---|---|
| 1 | વિહોલ કુલદીપસિંહ જે. | Male | Sem -V, Chemistry | પ્રથમ સ્થાન |
| 2 | સાવલિયા સંધ્યા | Female | Sem-III MZ | દ્વિતીય સ્થાન |
| 3 | નિમાવત દિપ્તિ આર. | Female | Sem-III PC | તૃતીય સ્થાન |
| 4 | રાવલ હિમાંશી | Female | Sem-III ZB | સક્રિયરૂપે ભાગ લીધેલ |
| 5 | મોદી પ્રાચી | Female | Sem -V, Chemistry | સક્રિયરૂપે ભાગ લીધેલ |

નિર્ણાયક: પ્રો. રાજેશ મારુ

Male સહભાગિયોં ની સંખ્યા: 1

Female સહભાગિયોં ની સંખ્યા : 4

2. નિબંધલેખન સ્પર્ધા૦૭/૦૨/૨૦૨૩ના રોજ નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધલેખન સ્પર્ધાના વિષય નીચે દર્શાવેલ છે:

Importance of Space Explorationઅન્તરિક્ષ સંશોધનનું મહત્વ

Women Empowermentમહિલા સશક્તિકરણ

Impact of Social Mediaસોશિયલ મીડિઆનું પ્રભાવ

Government Science College • Gandhinagar •

ઈવેંટના વિજેતાઓ અને સક્રિયરૂપે ભાગ લીધેલ વિદ્યાર્થિયોની યાદી:

| ક્રમ | નામ | જાતિ | સેમેસ્ટર | સહભાગિતા |
|---|---|---|---|---|
| 1 | આહિર જિગ્નેશ બી. | Male | Sem -VI | પ્રથમ સ્થાન |
| 2 | પટેલ દિવ્યા કે. | Female | Sem-II | દ્વિતીય સ્થાન |
| 3 | નિસર્ત તેજસ જે. | Male | Sem-II | તૃતીય સ્થાન |
| 4 | નિમાવત દિપ્તિ આર. | Female | Sem-IV | સક્રિયરૂપે ભાગ લીધેલ |
| 5 | પટેલ ધ્રુવી એમ. | Female | Sem-IV | સક્રિયરૂપે ભાગ લીધેલ |
| 6 | પ્રજાપતિ પ્રિયા એ. | Female | Sem-IV | સક્રિયરૂપે ભાગ લીધેલ |
| 7 | જાયસવાલ આકાશ આર. | Male | Sem-II | સક્રિયરૂપે ભાગ લીધેલ |
| 8 | મોરે શ્રુતિ ડી. | Female | Sem-II | સક્રિયરૂપે ભાગ લીધેલ |
| 9 | શૈખ સાનિયા એમ. | Female | Sem-II | સક્રિયરૂપે ભાગ લીધેલ |
| 10 | પ્રજાપતિ પાર્થવી આર. | Female | Sem-II | સક્રિયરૂપે ભાગ લીધેલ |
| 11 | વાઘેલા ઉર્મિલા | Female | Sem-VI | સક્રિયરૂપે ભાગ લીધેલ |

નિર્ણાયક: ડૉ, કિરન નિમાવત

Male સહભાગિયોં ની સંખ્યા: 3

Female સહભાગિયોં ની સંખ્યા: ૮

3. સ્વરચિત કાવ્યપઠનસ્પર્ધા:૦૮/૦૨/૨૦૨૩ના રોજ સ્વરચિત કાવ્યપઠન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વરચિત કાવ્યપઠન સ્પર્ધાના વિષય નીચે દર્શાવેલ છે:

Women Empowerment મહિલા સશક્તિકરણ

Impact of Social Media સોશિયલ મીડિઆનું પ્રભાવ

Environment પર્યાવરણ

ઈવેંટના વિજેતાઓ અને સક્રિયરૂપે ભાગ લીધેલ વિદ્યાર્થિયોની યાદી:

| ક્રમ | નામ | જાતિ | સેમેસ્ટર | સહભાગિતા |
|---|---|---|---|---|
| 1 | જોશી મુસ્કાન આર. | Female | Sem-VI | પ્રથમ સ્થાન |
| 2 | જોશી ધ્રુવિન વી. | Male | Sem-VI | દ્વિતીય સ્થાન |
| 3 | વાઘેલા ઉર્મિલા | Female | Sem-VI | તૃતીય સ્થાન |
| 4 | પરમાર જાહ્નવી એમ. | Female | Sem-VI | સક્રિયરૂપે ભાગ લીધેલ |

નિર્ણાયક: ડૉ, દીપ્તિ મહેતા અને ડૉ, હીના પ્રજાપતિ

Male સહભાગિયોં ની સંખ્યા: ૧

Female સહભાગિયોં ની સંખ્યા: 3

4. વાર્તાલેખન સ્પર્ધા: ૦૯/૦૨/૨૦૨૩ના રોજ વાર્તાલેખનસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વાર્તાલેખનસ્પર્ધાના વિષય નીચે દર્શાવેલ છે:

Women Empowerment મહિલા સશક્તિકરણ

Government Science College Gandhinagar

Impact of Social Media સોશિયલ મીડિયાનું પ્રભાવ
Environment પર્યાવરણ

ઈવેંટના વિજેતાઓ અને સક્રિયરૂપે ભાગ લીધેલ વિદ્યાર્થિયોની યાદી:

| ક્રમ | નામ | જાતિ | સેમેસ્ટર | સહભાગિતા |
|---|---|---|---|---|
| 1 | પટેલ દિવ્યા કે. | Female | Sem-II | પ્રથમ સ્થાન |
| 2 | પટેલ માહી આર. | Female | Sem-II | દ્વિતીય સ્થાન |
| 3 | મોરે શ્રુતિ ડી. | Female | Sem-II | તૃતીય સ્થાન |

નિર્ણાયક: ડો. રીટા ચુડાસમા
Male સહભાગિયોં ની સંખ્યા: 0
Female સહભાગિયોં ની સંખ્યા: 3

5. સંસ્મરણ લેખન સ્પર્ધા: ૧૦/૦૨/૨૦૨૩ના રોજ સંસ્મરણ લેખનસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.સંસ્મરણ લેખનસ્પર્ધાના વિષય નીચે દર્શાવેલ છે:
Memorable Dayયાદગાર દિવસ
Favourite Placeમનપસંદ સ્થળ

ઈવેંટના વિજેતાઓ અને સક્રિયરૂપે ભાગ લીધેલ વિદ્યાર્થિયોની યાદી:

| ક્રમ | નામ | જાતિ | સેમેસ્ટર | સહભાગિતા |
|---|---|---|---|---|
| 1 | પોંકિયા રેંસી જે. | Female | Sem-II | પ્રથમ સ્થાન |
| 2 | શાહ ડોલી બી. | Female | Sem-II | દ્વિતીય સ્થાન |
| 3 | ઠાકોર પ્રતિક એ. | Male | Sem-VI | તૃતીય સ્થાન |
| 4. | પ્રજાપતિ અમિશા એસ. | Female | Sem-II | સક્રિયરૂપે ભાગ લીધેલ |

નિર્ણાયક: પ્રો. નિશા શર્મા
Male સહભાગિયોં ની સંખ્યા: ૧
Female સહભાગિયોં ની સંખ્યા: 3

Government Science College
Gandhinagar










પ્રેસનોટ ગુજરાત સમાચાર (ગાંધીનગરઆવૃત્તિ)
તારીખ ૦૯/૦૨/૨૦૨૩ Page number 3

## સરકારી વિજ્ઞાન કોલેજમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન




સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્તરિક્ષ સંશોધનનું મહત્વ, મહિલા સશક્તિકરણ, પર્યાવરણ અને સોશિયલ મીડિઆનું પ્રભાવ વિષય પર નિબંધ લેખન અને સ્વરચિત કાવ્યપઠન સ્પર્ધાઓ યોજાઈ હતી.



Government Science College
Gandhinagar

ગાંધીનગર સમાચાર

તારીખ ૦૯/૦૨/૨૦૨૩ Page number ૨

# સરકારી વિજ્ઞાન કોલેજમાં વિવિધ સ્પર્ધાઓનું આયોજન




ગાંધીનગર, તા.૮

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરમાં સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્તરિક્ષ સંશોધનનું મહત્વ, મહિલા સશક્તિકરણ, પર્યાવરણ અને સોશિયલ મીડિઆનું પ્રભાવ વિષય પર નિબંધ લેખન અને સ્વરચિત કાવ્યપઠન સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધેલ હતો. વિદ્યાર્થીઓએ તેમની શૈલીમાં વિચારો રજૂ કર્યા હતા. નિબંધ લેખન સ્પર્ધામાં જિગ્નેશ આહિરએ પ્રથમ સ્થાન, તેજસ નિસર્તએ દ્વિતીય સ્થાન અને દિવ્યા પટેલએ તૃતીય સ્થાન મેળવ્યું તો સ્વરચિત કાવ્યપઠન સ્પર્ધામાં મુસ્કાન




જોશીએ પ્રથમ સ્થાન, ધ્રુવિન જોશીએ દ્વિતીય સ્થાન અને ઉર્મિલા વાઘેલાએ તૃતીય સ્થાન મેળવ્યું હતું. આ સ્પર્ધાઓમાં ડૉ, કિરન નિમાવત, ડૉ, દીપ્તિ મહેતા અને ડૉ, હીના પ્રજાપતિએ નિર્ણાયક તરીકે રહયા હતા. આચાર્ય ડો. એમ. જી. ભટ્ટના માર્ગદર્શનમાં સર્જનાત્મક અભિવ્યક્તિ ધારાના કોઓર્ડીનેટર ડૉ, જયંતી રાજોરાએ સહઅધ્યાપકોની મદદથી આ ઈવેન્ટને પૂર્ણ કરી. વિદ્યાર્થીઓના પ્રયત્નોને સપ્તધારાના ચેરપર્સન ડો. યોગિતા પરમાર અને કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા.

# યોગ-વ્યાયામ ખેલકૂદ ધારાનો અહેવાલ

**ખેલ-કૂદ વ્યાયામ અને યોગ ધારા રિપોર્ટ વર્ષ ૨૦૨૨-૨૩**

સપ્તધારાઓ અંતર્ગતની આ ખેલ-કૂદ વ્યાયામ અને યોગ ધારા ઉચ્ચ શિક્ષણનાં વિદ્યાર્થીઓમાં રમત-ગમત પ્રત્યે જાગૃતિ લાવવામાં તેમજ તેઓનાં શારીરિક, માનસિક અને સામાજીક ગુણોના વિકાસ માટે ખુબ જ મહત્વ ધરાવે છે. આ ધારા અંતર્ગત થતી પ્રવૃતિઓ વિદ્યાર્થીઓમાં શારીરિક કસરતો અને રમત ગમત દ્વારા સંગઠનની ભાવના, ખેલ-દીલીની ભાવના તેમજ નેતૃત્વ ક્ષમતા જેવા ગુણોનો વિકાસ કરવા માટે ખુબ જ મહત્વની તકો પૂરી પાડે છે.

આ ધારા અંતર્ગત થતી ઇન્ટર ક્લાસ રમત સ્પર્ધાઓ વિદ્યાર્થીઓમાં રહેલી શારીરિક અને માનસિક ક્ષમતાની ઓળખ કરી તેને યોગ્ય માર્ગે વાળી સારા રમતવીર બનાવવા માટેની એક પ્રાથમિક પ્રકિયા છે. આવી સ્પર્ધાઓમાં ભાગ લઈને વિદ્યાર્થીઓ પોતાનામાં રહેલી સાચી ક્ષમતાની ઓળખ કરી શકે છે. આવી સ્પર્ધાઓ વિદ્યાર્થીઓને હાર-જીત સ્વીકારવા માટે સક્ષમ બનાવે છે, જેથી તેમનામાં હકારાત્મક અભિગમનો વિકાસ થાય છે.

સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતેની સપ્તધારાઓ હેઠળની ખેલ-કૂદ વ્યાયામ અને યોગ ધારા અંતર્ગત વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રમત ગમતની વિવિધ સ્પર્ધાઓ તેમજ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું . આ ઉપરાંત સંસ્થામાં રમત ગમત ને ઉપયોગી સાધનોની ખરીદી પણ GeM પોર્ટલ પરથી આ ધારાને ફાળવેલ અનુદાનમાંથી કરવામાં આવી હતી.

•**ખેલ-કૂદ વ્યાયામ અને યોગ ધારા હેઠળ આયોજીત વિવિધ ઇન્ટર ક્લાસ સ્પર્ધાઓની વિગત**

| ક્રમ નં | પ્રવૃત્તિનું નામ/વિગત | તારીખ | કુલ સંખ્યા(ભાઈઓ) | કુલ સંખ્યા(બહેનો) | કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧. | ઇન્ટર ક્લાસ ક્રિકેટ સ્પર્ધા | ૧૩-૧૮/૦૨/૨૦૨૩ | ૧૨૮ | ૦૦ | ૧૨૮ |
| ૨. | ઇન્ટર ક્લાસ યોગ સ્પર્ધા | ૨૦/૦૨/૨૦૨૩ | ૦૫ | ૦૪ | ૦૯ |
| ૩. | ઇન્ટર ક્લાસ બેડમિન્ટન સ્પર્ધા | ૧૪-૧૫/૦૨/૨૦૨૩ | ૩૫ | ૨૦ | ૫૫ |
| ૪. | ઇન્ટર ક્લાસ રસ્સા-ખેંચ સ્પર્ધા | ૧૬/૦૨/૨૦૨૩ | ૦૦ | ૪૦ | ૪૦ |
| ૫. | ઇન્ટર ક્લાસ વોલીબોલ સ્પર્ધા | ૨૦-૨૧/૦૨/૨૦૨૩ | ૯૬ | ૦૦ | ૯૬ |
| ૬. | ઇન્ટર ક્લાસ ચેસ સ્પર્ધા | ૧૬/૦૨/૨૦૨૩ | ૨૫ | ૦૩ | ૨૮ |
| | કુલ સંખ્યા | | ૨૮૯ | ૬૭ | ૩૫૬ |

Government Science College Gandhinagar

## ૧. ઇન્ટર ક્લાસ ક્રિકેટ સ્પર્ધા









Government Science College, Gandhinagar










Government Science College
Gandhinagar





















# ગીત સંગીત નૃત્યધારાનો અહેવાલ

ગુજરાત યુનિવર્સિટી દ્વારા આયોજિત યુવક મહોત્સવમાં સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગરની વિદ્યાર્થીની પ્રજાપતિ ક્રિષ્ના રણછોડભાઈ એકલા ક્લાસિકલ વોકલ સોલોમાં તારીખ 14 9 2022 ના રોજ શંકરસિંહ વાઘેલા બાપુ ગ્રુપ ઓફ ઇન્સ્ટિટ્યૂશન ગાંધીનગર ખાતે અમદાવાદ એલિસ બ્રિજ નોર્થ ઝોન કક્ષાના યુવક મહોત્સવમાં ભાગ લીધેલ તથા તેમા તેઓને “One of the three best artists” તરીકેનું સ્થાન પ્રાપ્ત કરેલ. જે અંગેનું તમામ સંચાલન ડો. રાજેશ એન મારૂ, ડો. પ્રજ્ઞાબેન પ્રજપતી, ડો. કાશ્મીરા ટાંક તેમજ ડો યોગીતા પરમાર દ્વારા કરવામાં આવેલ મહેંદીમા પટેલ રાજવીને “વન ઓફ ધ થ્રી બેસ્ટ આર્ટીસ્ટ” મા સ્થાન પ્રાપ્ત થયુ હતુ. વિદ્યાર્થીનીઓની આ સિધ્ધી બદલ આચાર્યશ્રીએ તેમજ સમગ્ર કોલેજ પરીવારે ગૌરવન્વિત થતા તેઓને અભિનંદન પાઠવ્યા હતા.આ ઉપરાંત યુવક મહોત્સવમાં કુલ આઠ વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધાઓમા ભાગ લીધેલ જેના નામ તેમજ વિગતો નીચે મુજબ છે.

| Sr. No | Name | Event Name |
|---|---|---|
| 1 | Patel Rajvi Jigneshkumar | Mahendi |
| 2 | Parmar Khushiben Bhaveshbhai | Poster Making |
| 3 | Vaghela Harmeet Bharatbhai | Elocution Competition |
| 4 | Nirmal Smruti Bharatkumar | Poetry recitation |
| 5 | Prajapati Krishna Ranchhodbhai | Classical Vocal Solo |
| 6 | Barad Kalpesh Ranabhai | Quiz |
| 7 | Gadhavi Nileshdan Rasingadan | |
| 8 | Dangar Jaykumar Valajibhai | |
| 9 | Patel Rajvi Jigneshkumar | Rangoli |

Government Science College • Gandhinagar •

Photographs














Government Science College
Gandhinagar

# Government Science College-Gandhinagar

**Congratulates following students for their achievement in Inter Zonal Youth Festival of Gujarat University during 13-14 September 2022.**



Patel Rajvi Jignesh Kumar
B. Sc Sem 3 (MP)



Prajapati Krishna Ranchhodbhai
B. Sc Sem 5 (Mathematics)

## સરકારી વિજ્ઞાન કોલેજનો યુવક મહોત્સવમાં પ્રસંશનીય દેખાવ




ગાંધીનગર, તા.૧૫

ગુજરાત યુનિવર્સિટી એલિસબ્રિજ ઉતર વિભાગના યુવક મહોત્સવનુ આયોજન શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે કરવામા આવ્યુ હતુ. જે અંતર્ગત સરકારી વિજ્ઞાન કોલેજ, સેક્ટર ૧૫ ના વિદ્યાર્થીઓએ વકતૃત્વ સ્પર્ધા, પોએટ્રી રીસાઈટેશન, રંગોળી, મહેંદી, ક્લાસીકલ વોકલ સોલો, પોસ્ટર મેકીંગ વગેરે સ્પર્ધાઓમા ભાગ લીધો હતો. જેમા ક્લાસીકલ વોકલ સોલોમા પ્રજાપતિ ક્રિષ્ના અને મહેંદીમા પટેલ રાજવીને "વન ઓફ ધ થ્રી બેસ્ટ આર્ટીસ્ટ" મા સ્થાન પ્રાપ્ત થયુ હતુ. વિદ્યાર્થીનીઓની આ સિધ્ધી બદલ આચાર્યએ તેમજ સમગ્ર કોલેજ પરીવારે ગોરવન્વિત થતા તેઓને અભિનંદન પાઠ્વ્યા હતા.

Government Science College * Gandhinagar *

# સામુદાયીક સેવાધારાનો અહેવાલ

## કાર્યક્રમ-૧ વિશ્વ સાયકલ દિવસની ઉજવણી

**(03/06/2022)**

આઝાદીનો અમૃત મહોત્સવ અંતર્ગત" તા. ૦૩/૦૬/૨૦૨૨નાં રોજ વિશ્વ સાયકલ દિવસ નિમિતે મહાત્મા મંદિર ખાતે એન.એસ.એસ. અને નેહરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા યોજાયેલ સાયકલ રેલી કાર્યક્રમમાં એન.એસ.એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીંનગરનાં ૨૦ સ્વયંસેવકો તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ઉમેશ તરપદાએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવી, એન.વાય. કે. અને એન.એસ.એસ. રીજીયોનલ ડાયરેક્ટર, એન.વાય.કે. કો-ઓર્ડીનેટર પંકજભાઈ મારેચા, દીપકભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ રેલીમાં હોમગાર્ડના જવાનો સહિત ૨૦૦ જેટલા સહભાગીતા એ ભાગ લીધો હતો. આ રેલી મહાત્મા મંદિર થી પથીકા આશ્રમ ગાંધીનગર રૂટ પર યોજવામાં આવી હતી.



## કાર્યક્રમ-૨ સેફ્ટી કીટનું વિતરણ કાર્યક્રમ

**(તા.૨૫/૦૭/૨૦૨૨)**

તા.૨૫-૦૭-૨૦૨૨ ના રોજ એન.એસ.એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર તથા ગાંધીનગર જીલ્લા રેડક્રોસ સોસાયટી ના સંયુક્ત ઉપક્રમે સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર ખાતે સ્વીપર તરીકે સેવા આપતી મહીલા બહેનોને માસ્ક તથા સેફ્ટી કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમા કોલેજના આચાર્યશ્રી ડો. એમ. જી. ભટ્ટ સાહેબ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ઉમેશ તરપદા, ગાંધીનગર જીલ્લા રેડક્રોસ સોસાયટીનાં ચેરમેન શ્રી જીલ્લુભા ધાધલ, જેંતીભાઇ વઘાસીયા, અશ્વીનભાઇ દવે, કુંતલભાઇ નિમાવત, નિલેંદુ વોરા સહીત ૧૦ જેટલા એન.એસ.એસ. સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં મહેમાનશ્રીઓ દ્વારા ૧૫ જેટલી કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.



## કાર્યક્રમ-૩ વૃક્ષારોપણ કાર્યક્રમ

**(તા.૨૭/૦૭/૨૦૨૨)**

એન.એસ.એસ. એકમ અને ઇકો ક્લબ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે તા. ૨૭/૦૭/૨૦૨૨નાં રોજ કોલેજના પટાંગણમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી શ્રી નારાયણ માધુ સાહેબ (જોઇન્ટ કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર), કોલેજનાં આચાર્ય શ્રી ડો. એમ. જી. ભટ્ટ, ઇકો ક્લબ ચેરમેન ડો. પ્રજ્ઞાબેન પ્રજાપતી, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. ઉમેશ તરપદા, વનસ્પતિશાસ્ત્રના અધ્યક્ષ ડો. એસ. કે. પટેલ, ડો. વિવેક દવે સહીત કોલેજનો સમગ્ર સ્ટાફગણ તેમજ એન.એસ.એસ.નાં સ્વયંસેવકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં કુલ ૫૦થી વધારે વૃક્ષોનુ વાવેતર કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમનું કો-ઓર્ડીનેશન ડો. ઉમેશ તરપદા દ્વારા કરવામાં આવ્યું હતું.



Government Science College Gandhinagar

## કાર્યક્રમ -૪ પ્લાસ્ટીક મુક્ત અભિયાન

## (તા. ૨૮/૦૭/૨૦૨૨)

એન.એસ.એસ. એકમ અને ઇકો ક્લબ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે તા. ૨૮/૦૭/૨૦૨૨નાં રોજ પથીકા આશ્રમ (એસ. ટી. બસ સ્ટેન્ડ, ગાંધિનગર) ખાતે પ્લાસ્ટીક મુક્ત અભિયાન અંતર્ગત બસ સ્ટેન્ડ વિસ્તારમાં રેલી કાઢવામા આવી હતી તેમજ બસ ડેપોમાં થી ૫ કોઠળા જેટલુ પ્લાસ્ટીક એકત્ર કરવામાં આવ્યુ હતુ. આ સમગ્ર કાર્યકમની શરૂઆત કોલેજનાં આચાર્યશ્રી ડો. એમ.જી. ભટ્ટ દ્વારા કરાવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યકમમાં ઇકો ક્લબ ચેરમેન ડો. પ્રજ્ઞા પ્રજાપતી તેમજ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડો. ઉમેશ તરપદા, વનસ્પતિશાસ્ત્ર વિભાગનાં અધ્યક્ષ ડો. એસ. કે. પટેલ, ડો. એમ.એમ. પટેલ, ડૉ. આર. એન. મારૂ, ડો. બીની કાર્લીકર, ડો. બી. કે. ત્રીવેદી વગેરે સહીત એન.એસ.એસ. અને ઇકો ક્લબનાં કુલ ૪૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો.



## કાર્યક્રમ -૫ હર ઘર તિરંગા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ

### (તા. ૦૬ & ૦૮/૦૮/૨૦૨૨ )

તારીખ: ૦૬-૦૮-૨૦૨૨નાં રોજ કોલેજના બાયસેગ હોલ ખાતે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો વિષય ચાર્ટ પેપર પર રાષ્ટ્રધ્વજ બનાવવો અથવા રાષ્ટ્રધ્વજના ઈતિહાસ દર્શાવતુ ચિત્ર બનાવવાનો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજનુ મહત્વ દર્શાવતો નિબંધ લખી ઉત્સાહપૂર્વક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૬ વિધાર્થીઓ અને ૨૪ વિધર્થીનીઓ સહીત ૪૦ લોકોએ ભાગ લીધો હતો. તારીખ: ૦૬-૦૮-૨૦૨૨નાં રોજ નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવામાં આવેલ હતું. જેનો વિષય ભારતનો રાષ્ટ્રધ્વજ હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજનુ મહત્વ દર્શાવતો નિબંધ લખી ઉત્સાહપૂર્વક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૩ વિધાર્થીઓ અને ૩૫ વિધર્થીનીઓ સહીત ૪૮ લોકોએ ભાગ લીધો હતો. તારીખ: ૦૮-૦૮-૨૦૨૨નાં રોજ કોલેજના બાયસેગ હોલ ખાતે ગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેનો વિષય તિરંગાનુ મહત્વ દર્શાવતા દેશ ભક્તિ ગીત હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રધ્વજનુ મહત્વ દર્શાવતા ગીતો ગાઇ ઉત્સાહપૂર્વક કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ ૧૦ વિધાર્થીઓ અને ૧૬ વિધાર્થીનીઓ સહીત ૨૬ લોકોએ ભાગ લીધો હતો.



## કાર્યક્રમ -૬ "હર ઘર તિરંગા" કાર્યક્રમ

## (તા. ૧૨/૦૮/૨૦૨૨)

આપણાં દેશની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થતાં "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી અંતર્ગત "હર ઘર તિરંગા" કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગ રૂપે તા. ૧૨/૦૮/૨૦૨૨ના રોજ ગાંધીનગર જીલ્લા કક્ષાની રન ફોર તિરંગા કાર્યક્રમ યોજાયો જેમા સરકારી કોલેજનાં એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. ઉમેશ તરપદાએ નોડલ અધીકારી તરીકે કામગીરી કરી હતી. આ કાર્યક્રમ ગુજરાત યુનીવર્સીટી, અમદાવાદ તથા સરકારી વાણીજ્ય કોલેજ, ગાંધીનગરનાં સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો જેમાં સરકારી વાણીજ્ય કોલેજનાં આચાર્ય ડો. અમિત સુતરીયા સમિતિનાં મુખ્ય અધ્યક્ષ હતા. આ કાર્યક્રમની શરૂઆત લીલી ઝંડી આપી ગાંધીનગરનાં માન. મેયર શ્રી હિતેશભાઇ મકવાણા, સ્ટેંડીંગ કમિટિ ચેરમેન શ્રી જશુભાઇ પટેલ, ગાંધીનગરનાં ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ટીચર યુનીવર્સીટીના માન. કુલપતિ શ્રી હર્ષદભાઇ પટેલ દ્વારા કરાવવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમમાં ગાંધીનગર જીલ્લાની તમામ કોલેજ સહીત ૨૫૦૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં સરકારી વિજ્ઞાન કોલેજનાં કુલ ૨૩૬ વિધાર્થીઓએ ભાગ લીધો હતો.



Government Science College Gandhinagar

## કાર્યક્રમ -૭ સ્વતંત્ર દિનની ઉજવણી કાર્યક્રમ

## (તા. ૧૫/૦૮/૨૦૨૨)

આપણાં દેશની આઝાદીના 75 વર્ષ પૂર્ણ થતાં "આઝાદી કા અમૃત મહોત્સવ" ની ઉજવણી અંતર્ગત "હર ઘર તિરંગા" કાર્યક્રમની રાષ્ટ્રવ્યાપી ઉજવણીના ભાગ રૂપે તા.15/08/2022નાં રોજ NCC તથા એન.એસ.એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર દ્વારા કોલેજ પટાંગણમાં ૭૬માં સ્વતંત્ર દિનની ઉજવણી કરવામાં આવી હતી જે અંતર્ગત કોલેજનાં આચાર્ય ડો. એમ. જી. ભટ્ટનાં વરદ હસ્તે ધ્વજ વંદન કરવામા આવ્યુ હતુ. ડો. એમ. જી. ભટ્ટ દ્વારા પ્રાસંગિક ઉદબોધનમાં આઝાદ ભારતનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ડો. એમ. જી. ભટ્ટ સાહેબએ પોતાના પ્રાસંગીક ઉદ્બોધનમાં ભારતનાં તિરંગાનુ મહત્વ અને હરઘર તિરંગા થકી દેશ પ્રેમ કેળવણીની વાત કરવામાં આવી હતી. ડો. ઉમેશ તરપદા દ્વારા હર ઘર તિરંગાનો સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનુ સંચાલન એન.સી.સી. ઓફિસર ડો. જીજ્ઞાનાબેન વાઘેલા દ્વારા કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં કોલેજના સીનીયર પ્રોફેસર ડો. ડી. એ. ઓડેદરા, ડો. સી. સી. અંબાસણા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડો. યુ. પી. તરપદા, એન.સી.સી. ઓફિસર જીજ્ઞાબેન વાઘેલા, કોલેજના પ્રધ્યાપકશ્રીઓ, એન.એસ.એસ. તથા એન.સી.સીના વિધર્થીઓ સહીત કુલ ૧૫૦ જેટલા લોકો ઉપસ્થીત રહ્યા હતા.









## કાર્યક્રમ -૮ યુવા મતદાર મહોત્સવ-૨૦૨૨ કાર્યક્રમ

## (તા ૨૭/૦૮/૨૦૨૨)

તા. ૨૭/૦૮/૨૦૨૨ના રોજ એન.એસ.એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા યુવા મતદાર મહોત્સવ ૨૦૨૨ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૩૬-ગાંધિનગર ઉતર મતદાર વિસ્તારનાં નાયબ મામલતદાર દિપિકાબેન સિંધવ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થીત રહ્યા હતા. આ કાર્યક્રમમાં નવા મતદાર તરીકે નોનધણી સંદર્ભે ફોર્મ નં-૬ તથા ચુંટણી કાર્ડને આધાર કાર્ડ સાથે જોડવા અંગેની માહીતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમ્યાન વિધાર્થીઓએ ઓંલાઇન ક્વીઝમાં ભાગ લઇ ડિજીટલ સર્ટીફીકેટ પ્રાપ્ત કર્યા હતા તેમજ કોલેજનાં કેમ્પસ એમ્બેસેડર નિધિ તથા પ્રતિકનુ સન્માન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં એન.એસ.એસ. સહીત ૨૫૦ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમ કોલેજના આચાર્ય શ્રી ડો. એમ. જી. ભટ્ટ સાહેબ તથા ડો. ડિ. એ. ઓડેદરા સાહેબના માર્ગદર્શન હેઠળ યોજેલ હતો જેનુ સમગ્ર સંચાલન એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડો. ઉમેશ તરપદા તથા પ્રાધ્યાપક ડૉ દિપેન ગાંધી દ્વારા કરવામાં આવ્યુ હતુ.



Government Science College • Gandhinagar •

## કાર્યક્રમ -૯ મતદાન જાગૃતિ કાર્યક્રમ

### (તા. ૦૪/૦૯/૨૦૨૨)

એન.એસ.એસ. એકમ, સરકારી વિજ્ઞાન, વાણિજ્ય અને વિનિયન કોલેજ, ગાંધીનગર તથા ૩૬-ગાંધીનગર ઉત્તર મતદાર વિભાગની કચેરીના સંયુક્ત ઉપક્રમે તા. ૦૪/૦૯/૨૦૨૨ના રોજ સવારે ૧૦.૦૦ થી ૦૫.૦૦ દરમ્યાન સેક્ટર-૨૧ શાકમાર્કેટ પાસે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જે કેમ્પમાં ૧૨ જેટલા એન.એસ.એસ. સ્વયંસેવકો, સાયંસ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. ઉમેશ તરપદા, કોમર્સ કોલેજના એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર મનસુખભાઇ સતવા, નાયબ મામલતદાર ડિમ્પિલબેન મિસ્ત્રી ઉપસ્થીત રહ્યા હતા. આ કેમ્પમાં ૩૬-ગાંધીનગર ઉત્તર મતદાર વિભાગના મતદાન નોંધણી અધિકારી શ્રી બી. એમ. મોદીયા સાહેબે કેમ્પની મુલાકાત લઇ ઉત્સાહ વધારી તમામ પ્રકારની સગવડો પુરી પાડી હતી. આ કેમ્પ દરમ્યાન ૨૧ નવા મતદારોની નોંધણી માટેના ફોર્મ-૬ તથા ૦૮ જેટલા ફોર્મ નં-૮ ભરાયા હતા. આ સમગ્ર કેમ્પમાં ૨૫૦ થી વધુ લોકોને લોકશાહીના પર્વ સંદર્ભે મતદાન માટે જાગૃત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ઉમેશ તરપદા અને ડૉ. મનસુખ સતવા દ્વારા કરવામાં આવ્યુ હતુ.



Government Science College Gandhinagar

## કાર્યક્રમ -૧૦ રક્તદાન કેમ્પ અને અંગદાન સપથ

## (તા. ૧૭/૦૯/૨૦૨૨)

એન.એસ.એસ. એકમ સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર, ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર અને ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી કોલોલ શાખાના સંયુક્ત ઉપક્રમે ભારતના માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના જન્મ દિન નિમિતે તા.. 17-09-2022ના રોજ સવારે 10:00 થી 2:00 દરમ્યાન કોલેજના બાયસેગ હોલમાં રક્તદાન તથા અંગદાન સપથ કાર્યક્રમ યોજેલ આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી નારાયણ માધુ સાહેબ (જોઇન્ટ કમિશનર, ઉચ્ચ શિક્ષણ, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા. અન્ય મહેમાન તરીકે કાલોલ રેડક્રોસ શાખાના ચેરમેન શ્રી દિલીપભાઇ દવે, ગાંધીનગર રેડક્રોસ શાખાના શ્રી અશ્વિન દવે, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. ઉમેશ તરપદા, પ્રોફેસર ડો. દિલિપ ઓડેદરા, ડો. ડી.પી. પટેલ, ડો. સી. સી. અંબાસણા, ડો. જી. આર. પટેલ, બી. કે. ત્રીવેદી સહિત તમામ સ્ટાફ ગણ તેમજ એન.એસ.એસ. સહિત કુલ 300 જેટલા વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમાં કુલ 54 વ્યક્તિઓએ રક્તદાન માટે ભાગ લીધો હતો જે પૈકી 39 વ્યક્તીઓએ સફળતા પૂર્વક રક્તદાન કર્યું હતું. ડો. ઉમેશ તરપદા દ્વારા અંગદાનના સપથ લેવડાવવામાં આવ્યા હતા.




Government Science College • Gandhinagar •

## કાર્યક્રમ -૧૧ એન.એસ.એસ .ઓરીએન્ટેશન અને POCSO Act-2012 જાગૃતિ કાર્યક્રમ (તા. ૦૭/૧૦/૨૦૨૨)

એન.એસ.એસ. એકમ, સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર દ્વારા કોલેજ ખાતે તા.07-10-2022 ના રોજ એન.એસ.એસ. ઓરીએન્ટેશન અને POCSO Act-2012 જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમા કોલેજના આચાર્યશ્રી ડૉ. એમ. જી. ભટ્ટ સાહેબ, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર ડૉ. ઉમેશ તરપદા, ગાંધીનગર જીલ્લા પેરા લીગલ વૉલંટિયર મનીષાબેન ત્રીપાઠી, મુખ્ય વક્તા તરીકે શ્રી સતીશ જે. વાઘેલા, ડૉ. કિરણાબેન નિમાવત, ડૉ. ડી. પી. પટેલ વગેરે ઉપસ્થીત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમમાં 53 વિધાર્થીનીઓ અને 84 વિધાર્થીઓ સહીત કુલ 137 લોકોએ ભાગ લીધો હતો. ડૉ. ઉમેશ તરપદા દ્વારા એન.એસ.એસ. વિશે પ્રાથમિક માહીતી આપવામાં આવી હતી. ડૉ. એમ. જી. ભટ્ટ સાહેબ દ્વારા નવા જોડાયેલા એન.એસ.એસ. સ્વયંસેવકોને અભિનંદન આપી સફળ બનવા માટે શુભેચ્છા પાઠવવામા આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહેલ શ્રી એસ. જે. વાઘેલા અને મનિષાબેન ત્રિપાઠી દ્વારા POCSO Act-2012 વિષે માહીતી આપી લોકોને જાગૃત કરવામાં આવ્યા હતા.



Government Science College Gandhinagar




# વિજ્ઞાન કોલેજમાં અંગદાન શપથ કાર્યક્રમ



સરકારી વિજ્ઞાન કોલેજ ના એનએસએસ એકમ તથા ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી ના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં રક્તદાન તથા અંગદાન શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ઉત્સાહભેર રક્તદાન કરવામાં આવ્યું હતું તો અંગદાન અંગેના શપથ ગ્રહણ કર્યા હતા.

Government Science College Gandhinagar

# G20 MARATHON/HALF MARATHON
## (RUN FOR ENVIRONMENT)

તા. ૨૮/03/૨૦૨૩ના રોજ સવારે 8.00 કલાકે સરકારી વિજ્ઞાન કોલેજ, ગાંધીનગર ખાતે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીથી મળેલ સુચના મુજબ તેમજ સંસ્થાના આચાર્યશ્રી ડૉ. એમ. જી. ભટ્ટ સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ G20 અંતર્ગત 'Run for Environment' ની થીમ પર દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના 30 જેટલા વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકોએ ભાગ લીધો હતો. દોડ માટેનો રૂટ સરકારી વિજ્ઞાન કોલેજ થી મહાત્મા મંદિર ને આવરી લઈને પરત સંસ્થાના ગેટ સુધી નો નક્કી કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંસ્થાની NSS અને NCC યુનિટ સંભાળતા ડૉ. મનીષ વિસાવડિયા તેમજ ડૉ. જિજ્ઞાસા વાઘેલા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આયોજનમાં સેક્ટર-૭, ગાંધીનગરના પોલીસ સ્ટાફનો પણ સારો સહકાર પ્રાપ્ત થયો હતો.
















Government Science College
Gandhinagar

ઉશિક/મકમ-૮/૫૨૫/૨૦૨૩/૮૩૬ કમિશ્નર ઓફ હાયર એજ્યુકેશન, ગુજરાત સરકાર દ્વારા પ્રાપ્ત પત્ર મુજબ, નહેરૂ યુવા કેન્દ્ર અને સરકારી સાયન્સ કોલેજ, સરકારી એન્જિનિયરિંગ કોલેજ સહિત અનેક સરકારી કોલેજોના સહયોગથી Y20 ટોક પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની થીમ G20 Y20 અને ઇન્ટરનેશનલ મિલેટ વર્ષ હતી અને તેનો ઉદ્દેશ્ય યુવાનોમાં વૈશ્વિક મુદ્દાઓ વિશે જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે રાજ્યસભાની સંસદ શ્રી જુગલજી ઠાકોર અને ગાંધીનગરના મેયર શ્રી હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે શ્રીમતી મનીષાબેન શાહ, SD, NYKS. ડાયસ, ગાંધીનગરની સરકારી સાયન્સ કોલેજના આચાર્ય શ્રી એમ. જી. ભટ્ટ, સરકારી કોમર્સ કોલેજ, ગાંધીનગરના શ્રી કે. એસ. વ્યાસ, સરકારી એન્જિનિયરિંગ કોલેજના શ્રી શ્વેતાબેન દવે, તેમજ આ કાર્યક્રમના અતિથિ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર. સરકારી કોલેજોના અધ્યાપકો સહિત અન્ય ઘણા મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. પ્રોગ્રામમાં Y20 પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરીને G20, Y20 અને ઇન્ટરનેશનલ મિલેટ યર પર લેક્ચર્સનો સમાવેશ થાય છે. Y20 પર લેક્ચર પ્રોફેસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ દ્વારા આપવામાં આવ્યું હતું અને બાજરી અને તેના ફાયદાઓ પર લેક્ચર પ્રોફેસર કિંજલ સોની દ્વારા આપવામાં આવ્યું હતું.

## સરકારી વાણિજ્ય કોલેજ ખાતે યુથ પાર્લામેન્ટ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૨૪ નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા આયોજીત જિલ્લા કક્ષાનો "યુથ પાર્લામેન્ટ" કાર્યક્રમમાં સરકારી વાણિજ્ય કોલેજ, સેક્ટર-૧૫ ખાતે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહીને યુવાનો સાથે સંવાદ કર્યો હતો.

મેયર એ જણાવ્યું હતું કે યુથ પાર્લામેન્ટ એ યુવાઓ ને સશક્ત લોકતંત્રના નિર્માણમાં યોગદાન આપવા માટે પ્રેરણા આપતું ઉત્તમ માધ્યમ છે.

આ કાર્યક્રમમાં રાજ્યસભાના સાંસદશ્રી જુગલજી ઠાકોર, નહેરુ યુવા કેન્દ્રના સ્ટેટ ડાયરેક્ટર, જિલ્લા યુવા અધિકારી, પ્રિન્સિપાલ તેમજ મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

Principal
Government Science College
Gandhinagar
(GES Class-1)

## જી-૨૦ની થીમ પર જિલ્લાસ્તરીય અડોસપડોસ યુવા સંસદ યોજાઈ

### નેહરુ યુવા કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં સાંસદ જુગલજી ઠાકોરે ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહિત કર્યા



ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં આજે ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમત ગમત મંત્રાલયના અંતર્ગત નેહરુ યુવા કેન્દ્ર અને સરકારી વિજ્ઞાન કોલેજ, સરકારી વાણિજ્ય કોલેજ અને સરકારી એન્જીન્યરીંગ કોલેજના સયુંકત ઉપક્રમે જિલ્લાસ્તરીય અડોસપડોસ યુવા સંસદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું . આ કાર્યક્રમના મુખ્ય મેહમાન તરીકે રાજ્યસભા સાંસદ જુગલજી ઠાકોર રહ્યાં હતા અને તેમણે યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર મેયર હિતેશ મકવાણા, વિશેષ અતિથિ સ્થાને એનવાયકેએસ રાજ્ય નિર્દેશક મનીષાબેન શાહ, આચાર્ય મહેન્દ્રભાઈ ભટ્ટ, કે એસ વ્યાસ, શ્વેતાબેન દવે, અંજનાબેન નિમાવત, જિલ્લા યુવા અધિકારી પંકજ મારેચા ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લાસ્તરીય અડોસપડોસ યુવા સંસદ કાર્યક્રમમાં જી-૨૦ અને વાય-૨૦ વિષય પર પ્રોફેસર ધર્મેન્દ્રસિંહ રાઠોડ, "આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ" વિષય પર પ્રોફેસર કુંજલ સોનીએ તેમના વિચારો રજૂ કર્યાં હતા. યુવાનોમાં અદિત્યસિં જાડેજા, અનિલ કુંબલિયા દ્વારા ૨૦, વાય-૨૦ વિષય પર વિચ રજૂ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં જી-૨૦ની થીમ હિમાંશી રાવલ દ્વારા નૃત્ય પ્રસ્ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ ૩૦૦થી વધુ યુવાનો ભાગ લીધો આ સમગ્ર કાર્યક્રમનું સંચાલ ઋષિકેશ માંડલિ... દ્વારા કરવા... કાર્યક્રમ... મયંક... હાર્દિક... અજય...

Government Science College • Gandhinagar •








Government Science College • Gandhinagar •

Principal,
Government Science College,
Gandhinagar.
(GES Class-I)

*************

Thank You